JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948
75 YEARS PLATINUM JUBILEE
Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri, Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

JFOA-23/117/WED-30092026

—:બ્રાસઉદ્યોગના જીએસટીના પ્રશ્નો અંગે ઉચ્ચકક્ષાએ રજુઆતઃ—

જામનગરના બ્રાસ ઉદ્યોગકારોના જીએસટીના પ્રશ્નો અંગે જામનગર દક્ષિણના ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીએ ગત અઠવાડીયા દરમ્યાન જ ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીયશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની મુલાકાત માટેનો સમય મેળવી લેવામાં આવ્યો હતો, જે અનુસંધાને બ્રાસઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ત્રણેય મુખ્ય સંસ્થાઓ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન પ્રમુખશ્રી રામજીભાઈ એ. ગઢીયા, માનદમંત્રીશ્રી મેહુલભાઈ ડી. જોબનપુત્રા, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી રમણિકભાઈ પી. અકબરી, માનદમંત્રીશ્રી કુણાલભાઈ વી. શેઠ તથા જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસીએશન ફેસ—૨/૩ ના પ્રમુખશ્રી વિશ્નુભાઈ એમ. પટેલ, માનદમંત્રીશ્રી જીજ્ઞેશભાઈ બી. લાવટી તથા સંસ્થાના અન્ય હોદેદારશ્રીઓએ ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીની આગેવાની હેઠળ અન્ય ધારાસભ્યો માનનીયશ્રી રાઘવજીભાઈ પટેલ તથા માનનીયશ્રી મેઘજીભાઈ ચાવડાની ઉપસ્થિતીમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીયશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેબીનેટ નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈની સુચનાથી રાજય નાણામંત્રી માનનીયશ્રી કમલેશભાઈ પટેલની અધ્યક્ષતામાં જીએસટી વિભાગના ચીફ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી તેઓ સમક્ષ જામનગરના બ્રાસઉદ્યોગકારોને જીએસટીને કારણે પડી રહેલી વિવિધ મુશ્કેલીઓ, વ્યવહારમાં ઉભા થતાં પ્રશ્નો તથા પ્રામાણિક કરદાતાઓને પડી રહેલ મુશ્કેલી અંગે વિગતવાર અસરકારક રજુઆત કરવામાં આવી હતી.

ઉપરોકત ત્રણેય સંસ્થાના હોદેદારશ્રીઓ દ્વારા કરવામાં આવેલી અસરકારક રજુઆતોને માનનીય મુખ્યમંત્રીશ્રી, તથા નાણામંત્રીશ્રીએ સહાનુભુતિપુર્વક સાંભળી, બ્રાસઉદ્યોગના પ્રશ્નોની ગંભીરતા સમજવા સાથે તેનો યોગ્ય અને સાનુકુળ નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી છે.

આ તકે ત્રણેય સંસ્થાના હોદેદારશ્રીઓએ રાજયના ઉજામંત્રી માનનીયશ્રી કૌશિકભાઈ વેકરીયાની પણ મુલાકાત લઈ વિજવિભાગને લગતા પ્રશ્નોની પણ રજુઆત કરી હતી.

જામનગરના સમગ્ર બ્રાસ ઉદ્યોગ તરફથી આ મહત્વપુર્ણ રજુઆત માટે ત્રણેય સંસ્થાઓ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ નાણામંત્રી માનનીયશ્રી કનુભાઈ દેસાઈ, રાજય નાણામંત્રી માનનીયશ્રી કમલેશભાઈ પટેલ તથા ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરી, માનનીયશ્રી રાઘવજીભાઈ પટેલ તથા માનનીયશ્રી મેઘજીભાઈ ચાવડા તથા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કરવામાં આવેલ છે.

મેહુલ ડી. જોબનપુત્રા	કુણાલ વી. શેઠ	જીજ્ઞેશ બી. લાવટી
સેક્રેટરી-J.F.O.A.	સેક્રેટરી -J.C.C.I.	સેક્રેટરી-G.P.S.H.A.